# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**
**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૧/ક્વા-૦૪/૨૦૨૦-૨૧/૬૦ તા.૧૦.૦૨.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૮૧/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી કાનાભાઈ સરમણભાઈ નંદાણિયા ગામ – બામણસા ઘેડ
સબડીવીઝન: કેશોદ શહેર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી કેશોદ

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: શુક્રવાર (૨૯.૦૧.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૯.૦૧.૨૦૨૧ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો મોમાઈ બેવરેજીસના નામથી જુનાગઢ વેરાવળ હાઇ-વે,ચાંદીગઢ ના પાટીયા પાસે સાબડીયા નેસ કેશોદ,જી.જુનાગઢ મુકામે આવેલ છે. જે પેઢીમાં અમો પેકેજ ડ્રિંકીંગ વોટર, અને ઠંડા પીણાં તેમજ અન્ય પ્રોડક્ટનું ઉત્પાદન કરીને વેચાણ કરવાનો ધંધો કરવાનું નક્કી કરેલ હતું અને તેના માટે અમારે ઔધ્યોગીક હેતુ માટેનું વિજકનેક્શન લેવાનું હોય છે.

અમારા ઉપરોક્ત સ્થળે હાલમાં અમો વસુંધરા ઈન્ડસ્ટ્રીઝના નામથી સિંગદાણા પ્રોસેસીંગનો પ્લાંટ ચાલુ છે. ધંધામાં અમારે વિસ્તરણ કરવાનું હોય એમોએ ઉપરોક્ત વિગતવાળો બેવરેજીસ પ્લાંટ કરવાનો હોય જેથી અમારો હાલનો જે પ્લાંટ આવેલ છે તેની બાજુની જગ્યામાં એમોએ નવા બિલ્ડીંગનું બાંધકામ કરેલ છે અને તે નવા બિલ્ડીંગમાં અમો નવું વિજકનેક્શન લેવા માટે ગત એપ્રિલ-૨૦૨૦ ના રોજ અરજી કરેલ હતી અને તેના નિયત નમુના મુજબના ફોર્મ ભરીને પીજીવીસીએલ સબ ડિવીઝન કેશોદની કચેરીમાં અરજી આપેલ હતી. તે સમયે ડે.ઇજનેર ખાતરીયા સાહેબે અમોને કહેલ હતું કે એક જ બિલ્ડીંગમાં બે કનેક્શન ઔધ્યોગીક હેતુ માટે આપવાનો નિયમ નથી જો તમારે હાલના કનેક્શનમાં લોડ વધારો કરવો હોય તો અમો તે આપી શકીએ. જેથી અમો ફરિયાદીએ સાહેબની સુચનાને ધ્યાને લઈને અમારા હાલનુ અમારો અન્ય પ્લાંટ હાલમાં જે વસુંધરા ઈન્ડસ્ટ્રીઝના નામથી ગ્રાહક નં. ૮૦૧૦૬/૦૧૧૬૧/૮ મીટર નં. પીજી ૦૭૫૯૩૭ થી આવે છે. કે જે અમારે નવા વિજકનેક્શન લેવાનું હતું તેની બાજુમાં ચાલુ પ્લાંટ આવેલ છે તેમાં લોડ વધારા માટે ગત તા. ૨૭-૦૭-૨૦૨૦ અન રોજ લોડ વધારા માટે અરજી કરેલ હતી.

જેથી જવાબદાર અધિકારીએ અમારી લોડ વધારાની અરજી કરેલ હતી તેમાં લોડ વધારો કરાવાની અગમ્ય કારણોસર ના પડી દીધેલ હતી અને અમોને ફરી વખત નવા કનેક્શન માટે અરજી કરવાનું કહેલ હતું. જેથી એમોએ ફરી વખત તા. ૬-૧૦-૨૦૨૦ ના રોજ ફરી વખત અરજી કરેલ હતી. જે અરજી કર્યા બાદ માઓને જવાબદાર અધિકારીએ એવું કહેલ હતું કે તમે અરજી સાથે જે ભાડા કરાર કરેલ છે તે નોટરાઇઝ તે કરાર ન ચાલે જેથી તમારે ભાડા કરાર રજીસ્ટર કરાવવો પડશે. જેથી અમે સાહેબની સુચનાને અનુસરીને અમારો ભાડા કરાર રજીસ્ટર કરાવેલ હતો. ત્યારબાદ તે રજીસ્ટર ભાડા કરાર પીજીવીસીએલની કચેરીમાં રજુ કરેલ હતો ત્યારબાદ જવાબદાર અધિકારીએ અમોને કહેલ કે અમોને પરિપત્ર આવેલ છે કે એક મિલ્કતમાં બે કનેક્શન ન આપી શકીએ. જેથી એમોએ તેની ઉપલી કચેરીમાં તપાસ કરતાં અમોને કહેવામાં આવેલ કે આવો કોઈ પરિપત્ર આવેલ નથી અને નીચેની કચેરીમાંથી જ તમોને વિજકનેક્શન મળી જશે.

ઉપરોક્ત હકીકત એમોએ ખાતરીયા સાહેબને જણાવતાં તેઓએ અમોને એવું જણાવેલ કે તમો પીજીવીસીએલ ની રાજકોટ વડી કચેરી,નાનામવા રોડ ઉપર આવેલ છે ત્યાં જઈને મંજુરી લઈ આવો જેથી હું તમને નવું કનેક્શન આપી દઇશ. જેથી અમારે હાલની આ અરજી આપ સાહેબ સમક્ષ કરવાની ફરજ પડેલ છે.

એમોએ અમારો નવો ધંધો કરવા માટે નવું બિલ્ડીંગ બાંધેલ છે અને અમારા ધંધામાં વિદ્યુત એ પાયાની જરૂરીયાત છે અમારા નવા બિલ્ડીંગના બાંધકામ કરીને તૈયાર છે અને તે પ્લાંટમાં અમારી મશીનરી પણ આવી ગયેલ છે અને છેલ્લા ૬ માસથી સદરહુ ભાડે રાખેલ મિલ્કતનું ભાડું પણ અમો નિયમીત ચુકવીએ છીએ અને અમારી મશીનરી ધુળ ખાય છે. જે તમામ માટે જવાબદાર આપના પીજીવીસીએલ કેશોદ કચેરીના ડે.ઇજનેર ખાતરીયા સાહેબ છે.

એમોએ ખાતરીયા સાહેબના કહેવા મુજબ તમામ ડોક્યુમેંટ પૂરા પડેલ છે તેમ છતાં તેઓ અમોને વિજ કનેક્શન આપતા નથી અને જેના કારણે અમારો પ્લાંટ શરૂ થઈ શકતો નથી અને હાલમાં અમારી ઉપર મકાન ભાડું, મશીનરી ખરીદવા માટે લીધેલ લોનના હપ્તા ચાલુ છે. પરંતુ

વિજકનેક્શન ના વાંકે અમારો પ્લાંટ બંધ હોય અમો ફરીયાદીને નાણામાં ન આંકી શકાય તેવું નુકશાન થયેલ છે અને હજુ પણ અમારો પ્લાંટ ક્યારે ચાલુ થસે તે પણ નક્કી નથી જેથી અમારી આ ફરિયાદ આપ સાહેબ સમક્ષ કરવાને ફરજ પડેલ છે.

કાતરીયા સાહેબ પોતાની મરજી મુજબ વિદ્યુત ગ્રાહકનો ને કારણ વગરનો ખર્ચ કરાવીને પોતાના ઘરના નિયમ અખત્યાર કરીને અરજદારોને/ઉધ્યોગકારોને હેરાન પરેશાન કરે છે અને તેઓને આર્થિક રીતે ગંભીર નુકશાન પહોચાડે છે. એમોએ તેઓને વારંવાર કરેલ છે તેઓએ જે જે ડૉક્યુમેન્ટ રજુ કરવા કહ્યું છે તે પણ રજુ કરેલ છે તેમ છતાં અમોને વિજકનેક્શન ન આપીને આર્થિક રીતે ગંભીર નુકશાન પહોચાડેલ છે.

આ મંદીના અને મોંઘવારીના સમયમાં અમારો પ્લાંટ સમયસર શરૂ ન થવાથી અમોને ગંભીર આર્થિક નુકશાન પહોચેલ હોય જેથી અમોને ન્યાય અપાવવા અને અમારો પ્લાંટ સત્વરે શરૂ થાય તેવા પગલાં ભરીને અમોને વિજકનેક્શન અપાવવા આપના તાબાના અધિકારીને હુકમ કરવા અમારી આ લેખિત ફરિયાદ છે.આ બાબતે અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે..

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 સદર અરજદાર શ્રી મોમાઈકૃપા બેવરેજીસ મારફત નવું થ્રી ફેઇઝ એલટીએમડી વીજ જોડાણ વોટર ફિલ્ટર પ્લાન્ટ માટે સાબદિયા નેસ કેશોદ માં આવેલ સર્વે નં.૪૯૩/પૈકી ૨/પૈકી ૧/પૈકી ૧ માં તારીખ ૧૯.૦૯.૨૦૨૦ ના રોજ કેશોદ શહેર પેટા વિભાગીય કચેરી માં માંગણી ની અરજી નોંધાયેલ છે.સદર અરજી ના અનુસંધાને તારીખ ૨૪.૦૯.૨૦૨૦ ના રોજ કેશોદ શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા સ્થળ ઉપર સર્વે કરતા સદર સ્થળ ઉપર એજ સર્વે નંબર માં વસુંધરા ઇન્ડસ્ટ્રીઝ ના નામે ગ્રાહક નં. ૮૦૧૦૬/૦૧૧૬૧/૮ વાળું ૪૦ કી.વો નું એલટીએમડી વીજ જોડાણ સીંગદાણા ના કારખાના માટે વીજ જોડાણ ચાલુ સ્થિતિ માં જોવા મળેલ. જેથી કંપની ના પ્રવર્તમાન નિયમ મુજબ ભારતીય વીજ અધિનિયમ ૨૦૦3 ના સપ્લાય કોડ ના વિભાગ નં. ૪ ના ક્લોઝ નંબર ૪.૨૮ મુજબ સદર સર્વે નં. ૪૯૩/પૈકી ૨/પૈકી ૧/પૈકી ૧ માં હયાત એક વીજ જોડાણ અપાયેલ હોય, તેજ સર્વે નંબર માં બીજું નવું વીજ જોડાણ આપી શકાય નહિ. આથી કેશોદ શહેર પેટા વિભાગીય કચેરી મારફત માંગણી કરેલ મોમાઈકૃપા બેવરેજીસ ના નામ વાળી અરજી ની આગળ ની કાર્યવાહી દફતરે કરવામાં આવેલ હતી. જેની જાણ કેશોદ શહેર પેટા વિભાગીય કચેરી ના પત્ર નં. કેએસડી/ટેક/૨૦૪૨ તારીખ ૨૪.૦૯.૨૦૨૦ થી સદર અરજદાર ને કરેલ છે.

3.૧ સદર અરજદાર મારફત તા.૦૮.૧૦.૨૦૨૦ ના રોજ ઈનવર્ડ પત્ર નં.૨૦૨૪ થી કચેરી લેવલે વિશેષમાં લેખિત નોંધણી થતા ભારતીય વીજ અધિનિયમ ૨૦૦3 ના સપ્લાય કોડ ના વિભાગ નં. ૪ ના ક્લોઝ નં. ૪.૨૮ માં દર્શાવ્યા મુજબ "The Distribution Licensee will not provide more than one connection for one premises or in adjoining/contiguous premises belonging to same owner if these are not separated by a public road or by private premises. The consumers opting for second connection will have to produce separate legal entity documents such as separate income Tax no./Sales Tax no., ration card and rent or lease agreement." મુજબ અરજદાર મારફત

તારીખ ૦૫.૧૦.૨૦૨૦ ના રોજ સદર જગ્યાના મૂળ માલિક વસુંધરા ઇન્ડસ્ટ્રીઝના માલિકો સાથે અરજદાર નો ૩૬ માસ નો રજીસ્ટર ભાડા કરાર તથા મોમાઈ કૃપા બેવરેજીસ વતી તેમના પ્રોપ્રાઈટર શ્રી કાનાભાઈ સરમણભાઈ નંદાણીયા નો નોટરી એગ્રીમેન્ટ કરાર સાથે ના કાગળો કેશોદ શહેર પેટા વિભાગીય કચેરી કચેરી લેવલે રજુ થતા સદર વીજ જોડાણ ની માંગણી અનુસંધાને ઉપલી કચેરી ના અભિપ્રાય અર્થે કેશોદ પેટા વિભાગીય કચેરી ના પત્ર નં. કે.એસ.ડી./ટેક/૨૪૮૦ તારીખ ૧૧.૧૧.૨૦૨૦ ના રોજ સદર રજુ કરેલા કાગળો જોડી ફાઈલ પ્રી ઓડીટ માટે મોકલવામાં આવેલ. જેના અનુસંધાને સદર બાબત અંગે અત્રેની કચેરી મારફત રજુ કરેલા સંપૂર્ણ દસ્તાવેજો સાથે પત્ર નં. કેડી/ટેક/રેવ/૪૯૬૬, તારીખ ૧૨.૧૧.૨૦૨૦ ના રોજ વર્તુળ કચેરી લેવલે વિશેષ માર્ગદર્શન માટે પાઠવેલ. જે બાબત અનુસંધાને વર્તુળ કચેરી મારફત પત્ર નં. એસઈપી/રેવ/૩૨૪૧ તારીખ ૨૪.૧૧.૨૦૨૦ થી અરજદાર મારફત રજુ કરેલા દસ્તાવેજી કાગળો મુજબ “માંગણી વાળા સ્થળ ઉપર એક હયાત વીજ કનેક્શન ચાલુ હોય તેજ જગ્યા ઉપર બીજું કનેક્શન માંગવામાં આવેલ છે. પરંતુ રજુ કરેલા કાગળો માં પ્લોટ નું વિભાજન થયેલ છે કે કેમ તેની વિગત જણાવેલ નથી અને તેના કોઈ દસ્તાવેજી પુરાવાઓ માન્ય/સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલા જોડેલ નથી કે વિભાજીત પ્લોટ ના ભાડા કરાર ના કોઈ દસ્તાવેજો જોડેલ નથી.” તેવી નોંધ અને અપૂર્તતા સાથે ફાઈલ પરત કરવામાં આવેલ.

૩.૨ ઉપરોક્ત અપૂર્તતાના અનુસંધાને અરજદારશ્રીને કેશોદ પેટા વિભાગીય કચેરી મારફત તેમના પત્ર નં. કેએસડી/ટેક/૨૫૮૬ તારીખ ૨૭.૧૧.૨૦૨૦ ના રોજ અપૂર્તતા મુજબના ખૂટતા કાગળો કચેરી લેવલે રજુ કરવા માટે પત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં અરજદાર મારફત સદર બાબત અંગે વિભાજીત પ્લોટ નો કોઈ ઠોસ માન્ય આધાર પુરાવો પેટા વિભાગીય કચેરી માં રજુ થયેલ નથી. તેમજ સદર અરજદાર મારફત વારંવાર ઉપલી કચેરી ના ઓફીસરશ્રી, તેમજ કેશોદ શહેર કચેરી લેવલે મૌખિક રજુઆતો કરતાની સાથે રાજકીય દબાણ ઉભું કરેલ. જેના અનુસંધાને સદર રજુ કરેલા આધાર પુરાવાઓ ને માન્ય ગણવા કે કેમ જે અંગે ફરીથી ઉપલી કચેરી નું વિશેષ માર્ગદર્શન મેળવવા અર્થે પેટા વિભાગીય કચેરી મારફત પત્ર નં. કેએસડી/ટેક/૨૬૫૯ તારીખ ૧૦.૧૨.૨૦૨૦ ના રોજ અત્રેની કચેરી ને ફાઈલ સાથે પત્ર મોકલેલ જેથી અત્રેની કચેરી દ્વારા પત્ર નં. કેડી/ટેક-રેવ/૫૫૦૨ તારીખ ૧૬.૧૨.૨૦૨૦ થી વર્તુળ કચેરી ને સદર બાબત અંગે રજુ કરેલા આધાર પુરાવાઓ માન્ય રાખવા કે નહિ જે અંગે માર્ગદર્શન બાબતે પત્ર પાઠવેલ. જેના અનુસંધાને વર્તુળ કચેરી મારફત પત્ર નં. એસઈપી/રેવ/વીજ જોડાણ/૩૪૯૮ તારીખ ૧૯.૧૨.૨૦૨૦ ના રોજ પત્ર થી માંગણી વાળા વીજ જોડાણ બાબતે ભારતીય વીજ અધિનિયમ ૨૦૦૩ ના સપ્લાય કોડ ના વિભાગ નં. ૪ ના ક્લોઝ નં. ૪.૨૮ માં દર્શાવ્યા મુજબ આપના સ્તરે થી કાર્યવાહી કરવા સૂચિત કરેલ. જેથી રજુ કરેલ દસ્તાવેજો માં માંગણી વાળા સ્થળ ના પ્લોટ નું વિભાજન અંગે નો કોઈ ઉલ્લેખ થયેલ નથી, કોઈ વિગતો જણાવેલ નથી, તેમજ કોઈ દસ્તાવેજી પુરાવા માન્ય સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલા રજુ કરેલા નથી કે વિભાજીત પ્લોટ ના ભાડા કરાર નો કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી. પરંતુ હાલ ચાલુ વસુંધરા ઇન્ડ. નામના વીજ જોડાણ ની જગ્યા વાળા સ્થળ ઉપરજ અલગ શેડ બનાવી તે શેડ ની અંદર મોમાઈકૃપા બેવરેજીસ ના નામ થી વીજ જોડાણ

માંગેલ છે. જે બંને સ્થળ ની જગ્યા એકજ માલુમ પડેલ છે. જેમાં પેટા પ્લોટ કે પ્લોટ નું વિભાજન કરેલ રેવન્યુ કચેરી નો કોઈ આધાર પુરાવો જોડેલ નથી. જેથી પેટા વિભાગીય કચેરી મારફત ઉપલી કચેરી ને સદર બાબત નું ધ્યાન દોરી અરજદાર ને પત્ર નં. કેએસડી/ટેક/૨૮૪૩ તારીખ ૨૮.૧૨.૨૦૨૦ ના રોજ સદર માંગણી વાળા સ્થળ ઉપર વિભાજીત પ્લોટ નું ભાડા કરાર દર્શાવતું માન્ય સક્ષમ અધિકારી નું દસ્તાવેજ રજુ કરેલ ન હોવાથી. સદર માંગણી મુજબ નું વીજ જોડાણ ઉપરોક્ત ક્લોઝ નં. ૪.૨૮ મુજબ મળવા પત્ર નથી તે અંગે નો પત્ર અરજદાર ને પાઠવેલ છે.

3.3 ઉપરોક્ત સંપૂર્ણ કાર્યવાહી ઉપલી કચેરીનું ધ્યાન દોરી, કંપની ના પ્રવર્તમાન નિયમ મુજબ નાયબ ઈજનેર દ્વારા કરવામાં આવેલ છે. જેમાં અરજદાર પ્રત્યે કેશોદ પેટા વિભાગીય કચેરી મારફત કોઈ દુરાગ્રહ રાખેલ નથી કે વીજ જોડાણ ન આપવા બાબતનો નકારાત્મક અભિગમ દર્શાવેલ નથી. કંપની ના પ્રોટોકોલ ને ધ્યાને રાખી તેમજ નવા વીજ જોડાણ માટે જરૂરી કાગળો માટે અરજદાર ને પેટા વિભાગીય કચેરી દ્વારા પુરતી સમજુતી આપી, અરજદાર સાથે સુમેળભર્યો વર્તાવ કરેલ છે. કેશોદ(શહેર) પેટા વિભાગીય કચેરીના પત્ર અનુસાર ઉપરોક્ત બાબતને સમગ્ર રીતે જોતા અરજદાર દ્વારા સંદર્ભ (૧) થી રજુ કરાયેલ અરજીમાં કેશોદ શહેર પેટા વિભાગીય વિરુદ્ધ ખોટા આક્ષેપો જ કરાયેલ છે તેવું નાયબ ઈજનેર કેશોદ (શહેર) નું ચોક્કસ માનવું છે અને અરજદાર ને વીજ જોડાણ ન મળવાથી કેશોદ પેટા વિભાગીય કચેરી વિરુદ્ધ ના અસંતોષ ના હિસાબે લેખિત ફરિયાદ નોંધાવેલ હોય તેવું જણાય છે.

3.૪ વિશેષ માં અરજદાર મારફત થયેલ ફરિયાદ અરજી માં ઉલ્લેખ કરેલ મુદ્દા નં. ૨ માં જણાવ્યા મુજબ હાલ ચાલુ વસુંધરા ઇન્ડસ્ટ્રીઝ ના નામથી ગ્રાહક નંબર ૮૦૧૦૬/૦૧૧૬૧/૮ ના વીજ જોડાણ માં લોડ વધારો માંગવા તથા મળવા બાબતે કેશોદ પેટા વિભાગીય કચેરી માં મૌખિક રજૂઆત કરેલ. પરંતુ સદર સ્થળ ઉપર હયાત એક વીજ જોડાણ જે હેતુ માટે અપાયેલ છે, તેજ હેતુ માટે લોડ વધારો જે તે કનેક્શન માં મળવા પાત્ર હોય છે. પરંતુ અલગ હેતુ માટે લોડ વધારો કંપની ના નિયમ મુજબ આપી શકાય નહિ. જે બાબત અંગે અરજદાર ને કેશોદ પેટા વિભાગીય કચેરી દ્વારા મૌખિક જાણકારી આપેલ. પરંતુ આ લોડ વધારા અંગે ની કોઈ લેખિત રજૂઆત પેટા વિભાગીય કચેરી લેવલે નોંધાયેલ નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ વિભાગીય કચેરી દ્વારા પોરબંદર વર્તુળ કચેરી પાસે થી આ અંગે માર્ગદર્શન માંગવા માં આવેલ છે.અને વર્તુળ કચેરી દ્વારા પત્ર નં. એસઈપી/રેવ/વીજ જોડાણ/૩૪૯૮/તા. ૧૯.૧૨.૨૦૨૦ થી માર્ગદર્શન આપેલ છે.તે મુજબ આગળ ની કાર્યવાહી કરવી.

૪.૨ સદર બાબતે અરજદારશ્રી પાસે થી કંપની ના નિયમોનુસાર સબ પ્લોટિંગ અંગે ના જરૂરી દસ્તાવેજી પુરાવા લઈ નવું કનેક્શન આપવા માટે કંપની ના નિયમોનુસાર આગળ ની કાર્યવાહી કરવા માટે હુકમ કરવા માં આવે છે.

૪.3 આ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધઃ-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯